સભાગૃહમાં રજૂ થયા
તારીખઃ૨૩/૦૮/૨૦૨૪

# ગૌણ વિધાન સમિતિ

પંદરમી ગુજરાત વિધાનસભા
પહેલો અહેવાલ

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

૨૦૨૪

## અનુક્રમણિકા


| અ.નં. | વિષય | ફકરા ક્રમાંક | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | સમિતિની રચના | – | ૩ થી ૧૧ |
| ૨. | પ્રાસ્તાવિક | ૧ થી ૮ | ૧૨ |
| ૩. | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા બાબતોનો વિભાગ | ૯ થી ૨૫ | ૧૩ થી ૧૬ |
| ૪. | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૨૬ થી ૩૨ | ૧૬ અને ૧૭ |
| ૫. | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૩ અને ૩૪ | ૧૭ અને ૧૮ |
| ૬. | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૩૫ થી ૪૮ | ૧૮ થી ૨૧ |
| ૭. | શિક્ષણ વિભાગ | ૪૯ અને ૫૦ | ૨૧ |
| ૮. | સામાન્ય વહીવટ વિભાગ | ૫૧ થી ૫૩ | ૨૧ અને ૨૨ |
| ૯. | પરિશિષ્ટ–૧ (ભલામણો અને અવલોકનોનો સારાંશ) | – | ૨૩ અને ૨૪ |
| ૧૦. | પરિશિષ્ટ–૨ | – | ૨૫ થી ૩૫ |

**ગૌણ વિધાન સમિતિ**
**(૨૦૨૪–૨૫)**

**પ્રમુખશ્રી**
શ્રી અનિરુદ્ધ દવે

**સભ્યશ્રીઓ**
શ્રી ઋષિકેશ પટેલ, કાયદા મંત્રીશ્રી (હોદ્દાની રૂએ)
શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ
શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
શ્રી પી. સી. બરંડા
શ્રી બલરાજસિંહ ચૌહાણ
શ્રી અમીત શાહ
શ્રી ઇમરાન ખેડાવાલા
ડો. મહેન્દ્રભાઇ પાડલિયા
શ્રી ચૈતન્યસિંહ ઝાલા

**ગુજરાત વિધાનસભા સચિવાલય**
શ્રી ડી.એમ.પટેલ, સચિવ
શ્રી એમ.એચ. કરંગીયા, નાયબ સચિવ
શ્રીમતી પ્રવિણા ગામી, સેકશન ઓફિસર

## ગૌણ વિધાન સમિતિ
## (૨૦૨૩-૨૪)

**પ્રમુખશ્રી**

શ્રી અનિરુદ્ધ દવે

**સભ્યશ્રીઓ**

શ્રી ઋષિકેશ પટેલ, કાયદા મંત્રીશ્રી (હોદ્દાની રૂએ)
શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ
શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા
શ્રી પી. સી. બરંડા
શ્રી બલરાજસિંહ ચૌહાણ
શ્રી અમીત શાહ
શ્રી ઇમરાન ખેડાવાલા
ડો. મહેન્દ્રભાઇ પાડલિયા
શ્રી ચૈતન્યસિંહ ઝાલા

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી.એમ.પટેલ, | સચિવ |
| શ્રી એમ.એચ. કરંગીયા, | નાયબ સચિવ |
| શ્રી પ્રવિણ પ્રજાપતિ, | ઉપસચિવ |
| શ્રીમતી પ્રવિણા ગામી, | સેકશન ઓફિસર |

**ગૌણ વિધાન સમિતિ**
**(૨૦૨૧-૨૨)***

**પ્રમુખશ્રી**

શ્રી  રમણભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, કાયદા મંત્રીશ્રી (હોદ્દાની રૂએ)
શ્રી ભરતજી ઠાકોર
શ્રી બલરાજસિંહ ચૌહાણ
શ્રી સુરેશભાઈ ધનજીભાઈ પટેલ
શ્રી રાજેશકુમાર ગોહિલ
શ્રી પ્રતાપ દુધાત
શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર
શ્રી જીગ્નેશકુમાર સેવક
શ્રી અરવિંદ રાણા

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

શ્રી ડી.એમ.પટેલ, સચિવ
શ્રી પ્રવિણ પ્રજાપતિ, ઉપસચિવ
શ્રીમતી પ્રવિણા ગામી, સેક્શન ઓફિસર

*(તા.૧૨-૧૦-૨૦૨૧ના રોજ સમિતિની પુન:રચના કરેલ હતી અને ત્યારબાદ તા.૩૧-૦૩-૨૦૨૨ના રોજ આ સમિતિને ચૌદમી ગુજરાત વિધાનસભા વિસર્જન સુધી લંબાવેલ હતી.)

**ગૌણ વિધાન સમિતિ**
**(૨૦૨૧-૨૨)**

**પ્રમુખશ્રી**

શ્રી દુષ્યંતભાઈ પટેલ

**સભ્યશ્રીઓ**

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા મંત્રીશ્રી(હોદ્દાની રૂએ)
શ્રી ભરતજી ઠાકોર
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ
શ્રી જગદીશ વિશ્વકર્મા
શ્રી રાજેશકુમાર ગોહિલ
શ્રી પ્રતાપ દુધાત
શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર
શ્રી કુબેરભાઇ ડીંડોર
શ્રી રમેશભાઈ કટારા

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી.એમ.પટેલ, | સચિવ |
| શ્રી પ્રવિણ પ્રજાપતિ, | ઉપસચિવ |
| શ્રીમતી પ્રવિણા ગામી, | સેકશન ઓફિસર |

## ગૌણ વિધાન સમિતિ
## (૨૦૨૦-૨૧)

**પ્રમુખશ્રી**

શ્રી અરૂણસિંહ રણા

**સભ્યશ્રીઓ**

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા મંત્રીશ્રી(હોદ્દાની રૂએ)
શ્રીમતી સંતોકબેન આરેઠીયા
શ્રી ગુલાબસિંહ રાજપૂત
શ્રી ભરતજી ઠાકોર
શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
શ્રી જિગ્નેશકુમાર સેવક
શ્રી કુબેરભાઈ ડીંડોર
શ્રી સંજયભાઈ સોલંકી
શ્રી અરવિંદ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી.એમ.પટેલ, | સચિવ |
| શ્રી પ્રવિણ પ્રજાપતિ, | ઉપસચિવ |
| શ્રી અરવિંદ પ્રજાપતિ, | સેકશન ઓફિસર |

**ગૌણ વિધાન સમિતિ**
**(૨૦૧૯–૨૦)**

**પ્રમુખશ્રી**

શ્રી પૂર્ણેશ મોદી

**સભ્યશ્રીઓ**

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા મંત્રીશ્રી(હોદ્દાની રૂએ)
શ્રીમતી સંતોકબેન આરેઠીયા
શ્રી શીવાભાઈ ભુરીયા
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ
શ્રી અંબરીષભાઈ ડેર
શ્રી કાંતિભાઈ પરમાર
શ્રી અરૂણસિંહ રણા
શ્રી વિવેક પટેલ
શ્રી અરવિંદ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી.એમ.પટેલ, | સચિવ |
| શ્રી એમ.એચ.કરંગીયા, | ઉપસચિવ |
| શ્રી અરવિંદ પ્રજાપતિ, | સેકશન ઓફિસર |

## ગૌણ વિધાન સમિતિ
## (૨૦૧૮-૧૯)

**પ્રમુખશ્રી**

શ્રી પૂર્ણેશ મોદી

**સભ્યશ્રીઓ**

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા મંત્રીશ્રી(હોદ્દાની રૂએ)
શ્રીમતી સંતોકબેન આરેઠીયા
શ્રી શીવાભાઈ ભુરીયા
શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ
શ્રી અંબરીષભાઈ ડેર
શ્રી કાંતિભાઈ પરમાર
શ્રી અરૂણસિંહ રણા
શ્રી વિવેક પટેલ
શ્રી અરવિંદ પટેલ

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી.એમ.પટેલ, | સચિવ |
| શ્રી મુકેશ મહેતા, | નાયબ સચિવ |
| શ્રી ચેતન પંડયા, | નાયબ સચિવ |
| શ્રી કમલ ભટ્ટ, | નાયબ સચિવ |
| શ્રી શિરીષ મકવાણા, | નાયબ સચિવ |
| શ્રી એમ.એચ. કરંગીયા, | ઉપસચિવ |
| શ્રી અરવિંદ પ્રજાપતિ, | સેકશન ઓફિસર |

## ગૌણ વિધાન સમિતિ
## (૨૦૧૭–૧૮ )

**પ્રમુખશ્રી**

શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા

**સભ્યશ્રીઓ**

શ્રી પ્રદિપસિંહ જાડેજા, કાયદા મંત્રીશ્રી(હોદ્દાની રૂએ)
શ્રી પંકજ મહેતા
શ્રી મહેશકુમાર પટેલ
શ્રી મહેન્દ્રસિંહ બારૈયા
શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી
શ્રી મંગળભાઈ ગાવીત
ડૉ. ટી.ડી.માણીયા
શ્રી સંજયકુમાર પટેલ
શ્રી કિશોરભાઈ કાનાણી

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી.એમ.પટેલ, | સચિવ |
| શ્રી મુકેશ મહેતા, | ઉપસચિવ |
| શ્રી અરવિંદ પ્રજાપતિ, | સેકશન ઓફિસર |

**ગૌણ વિધાન સમિતિ**
**(૨૦૧૬–૧૭ )**

**પ્રમુખશ્રી**

*શ્રી રાજેન્દ્ર ત્રિવેદી

**સભ્યશ્રીઓ**

શ્રી પ્રદિપસિંહ જાડેજા, કાયદા મંત્રીશ્રી(હોદ્દાની રૂએ)
શ્રી પંકજ મહેતા
શ્રી મહેશકુમાર પટેલ
શ્રી મહેન્દ્રસિંહ બારૈયા
*ડાૅ.નિર્મલાબેન વાઘવાણી
શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી
*શ્રી ઈશ્વરભાઈ પટેલ
$શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા
શ્રી મંગળભાઈ ગાવિત
#ડૉ. ટી.ડી.માણીયા
#શ્રી સંજયકુમાર પટેલ
#શ્રી કિશોરભાઈ કાનાણી

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

| | |
|---|---|
| શ્રી ડી.એમ.પટેલ, | સચિવ |
| શ્રી એ.એચ.સોલંકી, | ઉપસચિવ |
| શ્રી અરવિંદ પ્રજાપતિ, | સેકશન ઓફિસર |

* (તા. ૦૭–૦૮–૨૦૧૬ના રોજથી મંત્રીશ્રી તરીકે નિમણૂક થતાં સભ્યશ્રી તરીકે રહેતા નથી.)

# (તા. ૧૯–૦૪–૨૦૧૭ના રોજ સમિતિના સભ્યો તરીકે નિમણૂક કરેલ હતી.)

$ (તા. ૧૯–૦૪–૨૦૧૭ના રોજ આ સમિતિના પ્રમુખ તરીકે નિમણૂક કરેલ હતી.)

# અહેવાલ
## પ્રાસ્તાવિક

ભારતની સંસદીય કાર્યપ્રણાલિ મોટા ભાગે હાઉસ ઓફ કોમન્સની કાર્યપ્રણાલિ અનુસારની છે. હાઉસ ઓફ કોમન્સમાં જાહેર અગત્યની મોટી બાબતોની ચર્ચા માટે વધુ સમય મળી રહે તે સારૂં કાયદાથી કારોબારીને ધારાકીય સત્તા સોંપવામાં આવે છે અને કારોબારી દ્વારા તે સત્તાનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવે છે તેની ચકાસણી કરવા માટે જુદી જુદી સંસદીય વ્યવસ્થા અમલમાં મુકવામાં આવેલ છે. તદ્‌નુસાર આપણે ત્યાં પણ આ પ્રથા અમલમાં છે. એક વખત પાર્લામેન્ટે/વિધાનસભાએ કાયદો પસાર કરીને નવા કાયદાના સિધ્ધાંતો નકકી કર્યા હોય પછી તે સિધ્ધાંતોની મર્યાદામાં રહીને કારોબારી તેને સોંપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી કાયદાનો અમલ કરવા નિયમો, વિનિયમો ઘડી અધિસૂચના સ્વરૂપે બહાર પાડે છે અને આ અધિસૂચનાઓને વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવે છે. આ નિયમો વિનિયમો વગેરે કારોબારીએ ઘડયા હોવા છતાં સંસદે/વિધાનસભાએ તેને સોંપેલી સત્તા નીચે કરેલ હોવાથી તેને મૂળ અધિનિયમોની જોગવાઈઓ જેટલો જ કાયદાનો પ્રભાવ અને તેના જેટલી જ બંધન શકિત મળે છે.

**૨.** સંસદીય લોકશાહીમાં કારોબારી એટલે કે સરકારનું વહીવટી તંત્ર સંસદ/વિધાનસભાને જવાબદાર છે. રાજયસ્તરે સરકારના વહીવટ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાનું કાર્ય વિધાનસભાનું છે. વિધાનસભા ગૃહ જાહેર અગત્યની નીતિ વિષયક બાબતો અને મહત્વના પ્રશ્નો અંગે નિર્ણયો કરે છે. જયારે સરકારના રોજબરોજના વહીવટ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાનું કાર્ય સભાગૃહની જુદી જુદી સમિતિઓ કરે છે. આ સમિતિઓમાંની એક સમિતિ એ ગૌણ વિધાન સમિતિ છે.

**૩.** ગૌણ વિધાન સમિતિનું મુખ્ય કાર્ય કારોબારીએ ઘડેલા નિયમો, વિનિયમો, પેટા નિયમો, અધિસૂચનાઓ વગેરે કાયદા દ્વારા સોંપવામાં આવેલી સત્તાની મર્યાદામાં છે કે કેમ અને બંધારણની જોગવાઈઓને સુસંગત છે કે કેમ તે તપાસવાનું છે. આ ઉપરાંત આ નિયમો, પેટાનિયમો કુદરતી ન્યાયના સિધ્ધાંતો સાથે સુસંગત રહી સામાન્ય પ્રજાજનને કોઈ કનડગત ન થાય તે રીતે ઘડવામાં આવે છે કે નહિ તે પણ આ સમિતિ ચકાસે છે.

**૪.** ગૌણ વિધાન સમિતિની સૌ પ્રથમ રચના **સન ૧૯૬૦માં** કરવામાં આવી હતી. પહેલી વિધાનસભાથી ચૌદમી ગુજરાત વિધાનસભા સુધીમાં **કુલ ૪૬** અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા છે. હું ગૌણ વિધાન સમિતિના પ્રમુખ તરીકે આ સળંગ **૪૭ મો** અને પંદરમી ગુજરાત વિધાનસભાનો પહેલો અહેવાલ રજૂ કરૂ છું.

**૫.** સમિતિએ તેરમી ગુજરાત વિધાનસભાના **૧ થી ૧૧** સત્ર દરમિયાન ગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી કુલ **૨૬૨** અધિસૂચનાઓ તપાસી હતી. સમિતિએ તપાસેલ અધિસૂચનાઓની યાદી આ સાથે સામેલ **પરિશિષ્ટ–૨** માં આપવામાં આવી છે.

**૬.** સમિતિએ તેરમી ગુજરાત વિધાનસભાના **૧ થી ૧૧** સત્રો દરમિયાન ગૃહના મેજ ઉપર મૂકાયેલ ઉપર જણાવ્યા મુજબની **૨૬૨** અધિસૂચનાઓ સંબંધે **કુલ ૩૦** બેઠકોમાં ચર્ચા–વિચારણા હાથ ધરી હતી. તે પૈકી **૪** બેઠકોમાં જુદા જુદા **૬** વિભાગોને તેઓના સ્પષ્ટીકરણ માટે સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવવામાં આવ્યા હતા અને સમિતિએ ઉપસ્થિત કરેલ મુદ્દા સંબંધે તપાસ હાથ ધરી હતી.

**૭.** વિભાગની અધિસૂચનાઓ સંબંધે અગત્યની બાબતો પર સમિતિના અવલોકનો તેમજ ગૃહના ધ્યાન ઉપર લાવવી જરૂરી હોય તેવી બાબતોનો આ અહેવાલમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

**૮.** સમિતિએ તા. ૨૧–૦૮–૨૦૨૪ના રોજ મળેલી તેની બેઠકમાં આ અહેવાલ પર વિચારણા કરીને મંજૂર કર્યો છે.

## અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા બાબતોનો વિભાગ

| ક્રમાંક | સરકારી અધિસૂચના ક્રમાંક | અધિસૂચનાની તારીખ |
|---|---|---|
| (૧) | જીટીએચ/૨૦૧૬/૧/પીડીએસ/૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧ | ૨૭-૦૧-૨૦૧૬ |
| (૨) | જીટીએચ/૨૦૧૬/૧૨/પીડીએસ/૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧ | ૨૩-૦૨-૨૦૧૬ |
| (૩) | જીટીએચ/૨૦૧૬/૧૩/પીડીએસ/૧૦-૨૦૧૬-૩૩૦-સી-૧ | ૨૩-૦૨-૨૦૧૬ |
| (૪) | જીટીએચ/૧૦-૨૦૧૬/૧૮/પીડીએસ/૧૦-૨૦૧૬-૧૫૦-સી-૧ | ૨૨-૦૩-૨૦૧૬ |
| (૫) | જીટીએચ/૨૦૧૬/૨૦/એમકેએમ/૧૦/૨૦૧૫/૭૯૪૯૩૫/સી-૧ | ૦૨-૦૪-૨૦૧૬ |
| (૬) | જીટીએચ/૨૦૧૬/૩૬/પીડીએસ/૧૦-૨૦૧૬-૨૦૮૫/ક-૧ | ૨૬-૧૦-૨૦૧૬ |
| (૭) | જીટીએચ/૨૦૧૬/૪૫/પીડીએસ/૧૦-૨૦૧૬-૧૫૧-સી-૧ | ૨૫-૧૧-૨૦૧૬ |
| (૮) | જીટીએચ/૨૦૧૭/૨/પીડીએસ/૧૦-૨૦૧૬/૨૬૮૯/સી-૧ | ૧૬-૧૨-૨૦૧૬ |
| (૯) | જીટીએચ/૨૦૧૭/૧૧/પીડીએસ/૧૦-૨૦૧૬/૧૬૬૭/સી-૧ | ૨૧-૦૩-૨૦૧૭ |
| (૧૦) | જીટીએચ/૨૦૧૭/૧૨/પીડીએસ/૧૦-૨૦૧૭/૯૨૨૮૨/સી-૧ | ૧૩-૦૪-૨૦૧૭ |
| (૧૧) | જીટીએચ/૨૦૧૭/૧૩/પીડીએસ/૧૦૨૦૧૭/૯૨૨૮૨/સી-૧ | ૧૬-૦૪-૨૦૧૭ |

**૯.** વિભાગની **ક્રમાંક ૧ થી ૧૧** પરની અધિસૂચનાઓની તા.૧૦/૦૮/૨૦૨૧ના રોજની રૂબરૂ તપાસમાં અધિસૂચનાઓની પૂર્વ પ્રસિદ્ધિ સંબંધે ઉદ્ભવેલ વિસંગતતા કાયદાકીય ચકાસણી, સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ તેમજ અન્ય પૂરક માહિતી બાબતે માંગેલ ખુલાસાના પ્રત્યુત્તરમાં વિભાગે આપેલ માહિતીથી સમિતિને સંતોષ ન થતા સમિતિએ વિભાગને લેખિતમાં પત્રથી ખુલાસો કરવા જણાવેલ હતું.

**૧૦.** સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ ૧૦થી મળેલ સત્તાની રૂએ ગુજરાત રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં "અગ્રતા પ્રાપ્ત પરિવાર"ને અલગ તારવવા (ઓળખી કાઢવા) માટેના માપદંડો નિયત કરવા **ક્રમાંક: ૪** પરની અધિસૂચના બહાર પાડી હતી. સદરહું અધિનિયમની કલમ-૧૬થી મળેલ સત્તાની રૂએ ગુજરાત રાજ્ય અન્ન આયોગ (બેઠકો માટેની કાર્યરીતિ અને તેની સત્તા) બાબતના નિયમો, ૨૦૧૬ બનાવવા **ક્રમાંક: ૬** પરની અધિસૂચના બહાર પાડી હતી. આ અધિનિયમની કલમ ૧૫થી મળેલ સત્તાની રૂએ ગુજરાત (અન્ન સુરક્ષા) ફરિયાદ નિવારણ માટેની પદ્ધતિ બાબતના નિયમો, ૨૦૧૭ ઘડવા માટે **ક્રમાંક: ૮** પરની અધિસૂચના બહાર પાડી હતી.

**૧૧.** ઉકત અધિસૂચનાઓની સંયુક્ત પણે રૂબરૂ ચકાસણી કરતાં સમિતિના ધ્યાને આવેલ છે કે, સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ-૪૦ અન્વયે આ અધિનિયમ અંતર્ગત ઘડવામાં આવતા નિયમોની બાબત જાહેર જનતાને સીધી સ્પર્શતી હોવાથી પૂર્વ પ્રસિદ્ધિ બાદ જ અધિસૂચના આખરી કરવાની જોગવાઈ છે.

**૧૨.** વિભાગે **ક્રમાંક: ૪** પરની અધિસૂચના માટે પૂર્વ પ્રસિદ્ધિની જરૂરિયાત નથી અને **ક્રમાંક: ૬** પરની અધિસૂચનાની પૂર્વ પ્રસિદ્ધિ કરવાનું શરતચૂકથી રહી ગયેલ છે તથા **ક્રમાંક: ૮** પરની અધિસૂચનાની પૂર્વ પ્રસિદ્ધિ કરેલ છે પરંતુ વાંધા સૂચનો ન મળતા અધિસૂચના આખરી કરેલ છે તેમ સમિતિને મોકલેલ

સાહિત્યમાં જણાવેલ હોવાથી, સમિતિએ ઉક્ત અધિસૂચનાઓની પૂર્વ પ્રસિદ્ધિ અંગે ઉદભવેલ આ વિસંગતતા બાબતે વિભાગ પાસેથી સ્પષ્ટતા માંગેલ હતી.

**૧૩.** ઉક્ત બાબતે વિભાગે તેના તા.૨૫–૧૦–૨૦૨૧ના પત્રથી સ્પષ્ટતા કરી હતી કે, રાજ્યમાં બનતી ત્વરાએ ઉક્ત અધિનિયમનો અમલ કરવાનો હોઈ સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરી ભારત સરકારને માહિતી રજૂ કરવાની હોવાથી **ક્રમાંક :૪** પરની અધિસૂચનાની પૂર્વ પ્રસિદ્ધિ થઈ શકેલ ન હતી. **ક્રમાંક : ૬** પરની અધિસૂચનાની પૂર્વ પ્રસિદ્ધિ કરેલ હતી પરંતુ આ સમિતિને મોકલી આપેલ સાહિત્યમાં શરતચૂકથી તેનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હતો અને **ક્રમાંક: ૮** પરની અધિસૂચનાની પૂર્વ પ્રસિદ્ધિ કરવામાં આવેલ છે.

**૧૪.** **ક્રમાંક: ૮** પરની પૂર્વ પ્રસિદ્ધિ અર્થે બહાર પાડેલ અધિસૂચનાનો મુસદ્દો અને આખરી અધિસૂચનાની જોગવાઈઓ સમાન છે કે કેમ તે અંગે સમિતિએ સ્પષ્ટતા માંગતા વિભાગે જણાવ્યું હતું કે આ અધિસૂચનાની પૂર્વ પ્રસિદ્ધિ અર્થે બહાર પાડેલ જાહેરનામાનો મુસદ્દો અને આખરી જાહેરનામાની જોગવાઈઓ સમાન છે.

**૧૫.** **ક્રમાંક: ૪, ૬ અને ૮**ની અધિસૂચનાઓની કાયદાકીય ચકાસણી વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ દ્વારા કરવામાં આવેલ હતી કે કેમ તે અંગે સમિતિએ કરેલ પૃચ્છા સંબંધે વિભાગે જણાવેલ હતું કે ઉક્ત ત્રણેય અધિસૂચનાઓની કાયદાકીય ચકાસણી વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ પાસે કરાવેલ હતી.

**૧૬.** **ક્રમાંક: ૧ થી ૮** પરની અધિસૂચનાઓ બહાર પાડ્યા બાદ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં નિયમાનુસાર વિધાનસભા ગૃહના કામકાજના ૩૦ દિવસ કરતાં વધારે વિલંબ થયેલ હોવાથી તે બાબતે સમિતિએ કરેલ પૃચ્છા સંબંધમાં વિભાગે પત્ર દ્વારા જણાવેલ છે કે અધિસૂચનાઓના ગુજરાતી અનુવાદમાં વિલંબ થયેલ હોવાથી આ તમામ અધિસૂચનાઓ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં વિલંબ થયેલ હતો.

**૧૭.** **ક્રમાંક: ૪** પરની અધિસૂચનાથી અગ્રતા પ્રાપ્ત પરિવારને અલગ તારવવાના માપદંડો નિર્ધારીત કરેલ છે. આ માપદંડો ભારત સરકાર કે રાજ્ય સરકારની કોઈ માર્ગદર્શિકાના આધારે ઘડવામાં આવેલ છે કે કેમ તેમજ કોરોનાની મહામારીમાં કુંટુંબના વડા ગુમાવનાર પરિવારને આવકના ધારાધોરણો ધ્યાનમાં લીધા સિવાય આ માપદંડોમાં સમાવવા બાબતે વિભાગે કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ તે બાબતે સમિતિએ પૃચ્છા કરેલ હતી.

**૧૮.** ઉક્ત બાબતે વિભાગે જણાવેલ હતું કે, ભારત સરકારે તમામ રાજ્યોને અગ્રતા પ્રાપ્ત પરિવારના માપદંડ નિયત કરવાની સત્તા આપેલ છે, જેમાં ભારત સરકાર તરફથી કોઈ માર્ગદર્શિકા આપવામાં આવેલ નથી. રાજ્યના અગ્રતાપ્રાપ્ત પરિવારના માપદંડ નિયત કરવા માટે વિભાગના તા.૩૧/૦૭/૨૦૧૩ના ઠરાવથી સમિતિની રચના કરવામાં આવેલ છે. વધુમાં વિભાગના તા.૦૭/૦૭/૨૦૨૧ના ઠરાવથી કોરોના મહામારીના સમયગાળા દરમિયાન અનાથ બનેલ બાળકો તથા આવા અનાથ બાળકોના પાલક વાલીઓને આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ–૨૦૧૩ હેઠળ અગ્રતા પ્રાપ્ત કુંટુંબોના લાભાર્થી તરીકે સમાવેશ કરેલ છે.

**૧૯.** **ક્રમાંક: ૨** પરની અધિસૂચનાથી રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ–૨૦૧૩ની કલમ–૧૫ અન્વયે ઈન્ટરનલ ગ્રીવન્સીસ રીડ્રેસલ મિકેનિઝમ માટે જિલ્લા ફરિયાદ નિવારણ(નોડલ) અધિકારીની નિમણૂક

કરવામાં આવી છે. જે હેઠળ કોલ સેન્ટર, હેલ્પલાઈન જેવી નાગરિક સેવાઓ પૂરી પાડવામાં આવેલ છે કે કેમ તેની વિગતો સમિતિએ માંગેલ હતી.

**૨૦.** વિભાગના જણાવ્યા અનુસાર રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ–૨૦૧૩ની કલમ–૧૪ હેઠળ નીચે મુજબની હેલ્પલાઈન કાર્યરત છે:

(૧) ૧૮૦૦–૨૩૩–૫૫૦૦

(૨) ૧૯૬૭ (ટાર્ગેટેડ પબ્લિક ડીસ્ટ્રીબ્યુશન સિસ્ટમ અંતર્ગત આવતી ફરિયાદો માટે)

(૩) ૧૪૪૪૫ (વન નેશન વન રેશનકાર્ડ યોજના અંતર્ગત મળતી ફરિયાદો માટે)

**૨૧.** સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ ૧૫થી મળેલ સત્તાની રૂએ સંબંધિત જિલ્લાના નિવાસી અધિક કલેક્ટરને જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે નિમણૂક કરવા બાબતની **ક્રમાંક: ૭** અને કલમ ૧૬થી મળેલ સત્તાની રૂએ રાજ્ય અન્ન આયોગના સભ્યની નિમણૂક માટે **ક્રમાંક: ૧૧** પરની અધિસૂચના બહાર પાડવામાં આવેલ હતી.

**૨૨.** **ક્રમાંક: ૭ અને ૧૧** પરની અધિસૂચનાની ચકાસણી કરતા સમિતિને તેની કાયદાકીય ચકાસણી થયેલ ન હોય તેમ જણાયેલ હતું. ઉક્ત બાબતે પૃચ્છા કરતા વિભાગે ખુલાસો આપેલ કે ભારત સરકારને સમયમર્યાદામાં ઉક્ત કામગીરી પૂર્ણ કરીને માહિતી રજૂ કરવાની હોવાથી ઉક્ત અધિસૂચનાઓની કાયદાકીય ચકાસણી વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ પાસે કરાવી શકાયેલ નથી.

**૨૩. સમિતિએ ઉપસ્થિત કરેલ ઉક્ત તમામ મુદ્દાઓ પરત્વે વિભાગે પૂરા પાડેલ ખુલાસાઓને ધ્યાને લઈ સમિતિ ભલામણ કરે છે કે પૂર્વ પ્રસિદ્ધિ મુજબનું જ આખરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ હોય તો વિભાગે તેમ સ્પષ્ટ જણાવવું જોઈએ. જો પૂર્વ પ્રસિદ્ધિ મુજબનું આખરી જાહેરનામું ન હોય અને કોઈ નવો મહત્ત્વનો નિયમ આખરી જાહેરનામામાં ઉમેરી દેવામાં આવ્યો હોય તો વિભાગે આવા તમામ કિસ્સાઓમાં પૂર્વ પ્રસિદ્ધિનું જાહેરનામું પણ સમિતિના અભ્યાસ અર્થે પૂરૂ પાડવું જોઈએ. વધુમાં, પૂર્વ પ્રસિદ્ધિની જોગવાઈ, કાયદાકીય ચકાસણી અને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ બાબતે જે ક્ષતિઓ રહેવા પામેલ છે તેનું પુનરાવર્તન ન થાય તે બાબતે તકેદારી રાખવા સમિતિ ભલામણ કરે છે.**

**સરકારી અધિસૂચના ક્રમાંક:**

**જીટીએચ/૨૦૧૪/(૩૮)સીપીએ/૧૦–૨૦૧૩/૪૮૦૩૨૩/ડી, તા. ૦૧/૧૨/૨૦૧૪**

**૨૪.** ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬ની કલમ ૧૦, ૧૬ અને ૩૦થી મળેલ સત્તાની રૂએ ગુજરાત ગ્રાહક સુરક્ષા નિયમો, ૧૯૮૮ને વધુ સુધારવા સરકારે આ અધિસૂચના બહાર પાડી હતી.

**૨૫.** આ અધિસૂચના તપાસતા સમિતિને જણાયું હતું કે, ગુજરાત ગ્રાહક સુરક્ષા અધિનિયમો, ૧૯૮૮ના નિયમ ૩(૧)માં જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના બિન સરકારી સભ્યોનું માસિક એકત્રિત માનદ વેતન રૂ. ૧૦,૦૦૦/– માંથી વધારી રૂ. ૧૫,૦૦૦/– કરેલ છે તથા નિયમ ૭(૧) માં સુધારો કરી રાજ્ય

ગ્રાહક તકરાર નિવારણ ફોરમના બિન સરકારી સભ્યોનું માસિક એકત્રિત માનદ વેતન રૂ. ૧૫,૦૦૦/– માંથી વધારી રૂ. ૨૦,૦૦૦/– કરેલ છે. આ સુધારા મૂળ નિયમો સાથે સુસંગત છે કે કેમ? તે બાબતે સમિતિએ વિભાગ પાસેથી સ્પષ્ટતા માંગેલ હતી. વિભાગે પોતાના લેખિત જવાબમાં રાજ્ય/જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમના બિન સરકારી સભ્યોના માસિક એકત્રિત માનદ વેતનમાં થયેલ ક્રમશ: વધારાની માહિતી સમિતિને પૂરી પાડતા સમિતિએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

| ક્રમાંક | સરકારી અધિસૂચના ક્રમાંક | અધિસૂચનાની તારીખ |
|---|---|---|
| **(૧)** | **જીએચયુ–૧૦૨૦૧૬–(૮)–જીઆઈડી–૧૦૨૦૦૯–૨૫૧૩–જી** | **૧૯–૦૧–૨૦૧૬** |
| **(૨)** | **જીયુ/૨૦૧૫/(૨)/જીએમઆર/૧૦૨૦૧૪/૧૮૨૯/છ** | **૧૨–૦૨–૨૦૧૫** |
| **(૩)** | **જીયુ/૨૦૧૫/(૪)/એમસીઆર/૧૦૨૦૧૨/૨૦૧૯/છ** | **૨૫–૦૨–૨૦૧૫** |

**૨૬.** ઝઘડીયા ઔદ્યોગિક વિસ્તારની આંતરમાળખાકીય સુવિધાની નિભાવણી–જાળવણીના ખર્ચને પહોંચી વળવા માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૬૪ બી(૧)(બી)ની જોગવાઇ હેઠળ સંકલિત વેરા લાગુ કરવાના હેતુથી " ઝઘડીયા નોટીફાઇડ એરિયા એકત્રિત વેરા નિયમો ૨૦૧૫" બનાવવા **ક્રમાંક: ૧** પરની અધિસૂચના બહાર પાડેલ છે.

**૨૭.** ઉક્ત અધિસૂચનાની રૂબરૂ તપાસમાં સમિતિએ મુદ્દાઓ ઉપસ્થિત કરેલ હતા કે, ઉક્ત અધિસૂચનાની પૂર્વ પ્રસિદ્ધિ અંતર્ગત તા. ૨૩મી જુલાઈ, ૨૦૧૫ના રોજ આ અધિસૂચના માટેનાં વાંધા–સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં અને આખરી અધિસૂચના તા. ૧૯મી જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ બહાર પાડવામાં આવી હતી. અધિસૂચનાના મુસદ્દા પર કોઈ વાંધા–સૂચનો મળ્યા ન હોય તો વાંધા–સૂચનો મેળવવાની છેલ્લી તારીખથી શક્ય એટલા વહેલા અથવા વધુમાં વધુ ૬૦ દિવસમાં અધિસૂચના આખરી કરવાની રહે છે, પરંતુ ઉક્ત અધિસૂચના પૂર્વ પ્રસિદ્ધિ બાદ છ માસ પછી બહાર પાડવામાં આવેલ હતી. જેનાથી સરકારની એકત્રિત વેરો વસૂલવાની કાર્યવાહી વિલંબિત થતાં નાણાકીય નુકસાન થયેલ હોઈ તેમ જણાતાં સદરહુ અધિસૂચના કેમ સમયસર બહાર પાડવામાં ન આવી તેના કારણો જણાવવા સમિતિએ વિભાગને જણાવ્યું હતું.

**૨૮.** રૂબરૂ તપાસમાં વિભાગના પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલ સ્પષ્ટતામાં વિસંગતતા જણાતી હોવાથી સમિતિએ વિભાગને પત્ર દ્વારા ખૂલાસો કરવા જણાવેલ. વિભાગે તેના તા.૨૪/૦૫/૨૦૨૨ના પત્ર દ્વારા આપેલ ખુલાસા અનુસાર જાહેરનામાનો મુસદ્દો તા.૨૩/૦૭/૨૦૧૫ના રોજ બહાર પડ્યા પછી તેનું આખરી જાહેરનામું તા.૧૯/૦૧/૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૭ દિવસનો વિલંબ કલેક્ટરશ્રી, ભરૂચ દ્વારા વાંધા–સૂચનો અંગે પ્રમાણપત્ર વિલંબથી મળવાના કારણે થયેલ હતો. તેમજ વધુમાં વિભાગે **ક્રમાંક: ૧** પરની અધિસૂચના આખરી જાહેરનામા પછી ઉઘરાવવામાં આવેલ છેલ્લા પાંચ વર્ષની સંકલિત વેરાની માહિતી પણ જણાવેલ હતી.

**૨૯. ઉક્ત તમામ બાબતો જોતા, સમિતિ ઉદ્યોગ અને ખાણ વિભાગ સહિત તમામ વિભાગોને ભલામણ કરે છે કે, પૂર્વ પ્રસિદ્ધિની જોગવાઈ હોય ત્યારે અધિસૂચનાના મુસદ્દા(Draft notification) પર કોઈ**

**વાંધા–સૂચનો મળ્યા ન હોય તો વાંધા–સૂચનો મેળવવાની છેલ્લી તારીખથી શક્ય એટલા વહેલા અથવા વધુમાં વધુ ૬૦ દિવસની મર્યાદામાં અધિસૂચના આખરી કરી, ગૃહના મેજ ઉપર મૂકવામાં આવે અને તમામ વિભાગોમાં ઉક્ત બાબતનું ગંભીરતાથી પાલન કરવામાં આવે.**

**૩૦. ક્રમાંક: ૨** પરની અધિસૂચનાથી જિલ્લાના ભૂસ્તરશાસ્ત્રીઓ અને લીઝ ધારકોને કામગીરીમાં એકરૂપતા અને વહીવટી સરળતા માટે ગુજરાત ખનિજ (ગેરકાયદેસર ખાણકામ,હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો–૨૦૧૫ના નિયમ–૧૮માં જરૂરી સુધારો કરી બોન્ડ અંગેનો નમૂનો–ઢ ઉમેરવામાં આવેલ તથા **ક્રમાંક: ૩** પરની અધિસૂચનાથી ગૌણ ખનીજમાં સુવ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે ખાણકામ થાય તેમજ પર્યાવરણની જાળવણી કરવાના નામ. સુપ્રિમ કોર્ટના નિર્દેશોના પાલનના અનુસરણમાં રાજ્ય સરકારે ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ નિયમો–૨૦૧૦માં સુધારા કરીને "ગુજરાત ગૌણ ખનીજ છુટછાટ(સુધારા) નિયમો–૨૦૧૫" બનાવેલ હતા.

**૩૧.** સમિતિએ રૂબરૂ તપાસ દરમિયાન ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમ, ૨૦૧૦ના **ક્રમાંક: ૩** પરની અધિસૂચનાથી થયેલ સુધારામાં માઈનીંગ પ્લાન સંબંધિત માઈનીંગ પ્લાનની જળ વ્યવસ્થાપન સંબંધિત જોગવાઈની શરતભંગ બદલ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં લીઝ ધારકોને અપાયેલ નોટિસની વિગતો વિશે પત્ર દ્વારા જાણ કરવા જણાવેલ. વિભાગે તેના તા.૨૪–૦૫–૨૦૨૨ના પત્રથી લેખિત જવાબમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન માઈનીંગ પ્લાન સંબંધિત જોગવાઈની શરતભંગ બદલ રાજ્યમાં કુલ–૧૩ કેસ ધ્યાને આવેલ છે, જે સબબ રૂ.૭૩.૫૦ લાખની વસૂલાત કરવામાં આવેલ છે, તેમજ જળ વ્યવસ્થાપન સંબંધિત જોગવાઈની શરતભંગ બદલ વર્ષ ૨૦૨૦–૨૧ અને ૨૦૨૧–૨૨માં કોઈ કેસ ધ્યાને આવેલ નથી.

**૩૨. ઉક્ત ક્રમાંક: ૨ અને ૩ પરની અધિસૂચનાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં ૫૬ દિવસ જેટલો વિલંબ થયેલ હતો. મૂળ અધિનિયમમાં નિયમો અંગેની અધિસૂચના માટે ૩૦ દિવસનો સમય નક્કી કરવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં ગૃહના મેજ પર મૂકાતી અધિસૂચનાઓમાં કોઈ અનિયમિતતા હોય તો સમિતિ દ્વારા સભાગૃહના ધ્યાને સત્વરે લાવી શકાય તે હેતુથી હવે પછીથી વિભાગ દ્વારા બહાર પાડવામાં આવનાર અધિસૂચનાઓ ગૃહના કામકાજના ૩૦ દિવસમાં ગૃહના મેજ ઉપર મૂકવા તકેદારી રાખવા સમિતિ ભલામણ કરે છે.**

## પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**સરકારી અધિસૂચના ક્રમાંક:**

**કેપી/૨૦૧૫/૨૪/પીઆરઆર/૧૦૨૦૧૪/૯૫૯/ચ,તા. ૧૬–૦૪–૨૦૧૫**

**૩૩.** સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૦૦(૪)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત ગ્રામ પંચાયત ગામતળની મિલકત (ભોગવટા હકમાં ફેરફાર નોંધ કરવાની રીત) નિયમો, ૨૦૧૫ બનાવવા ઉક્ત અધિસૂચના બહાર પાડેલ હતી.

**૩૪.** ઉક્ત અધિસૂચનાની તપાસ બાદ ઉક્ત નિયમોના નિયમ ૧૦(૧)ની જોગવાઈ મુજબ પંચાયતના નિર્ણયથી નારાજ થયેલ વ્યક્તિ નિર્ણયની તારીખથી ૩૦ દિવસની અંદર જીલ્લા પંચાયત અપીલ કરી શકે.

જે બાબતે સમિતિએ ઉક્ત નિયમોની જોગવાઈમાં "યોગ્ય કિસ્સાઓમાં સમય સંજોગો ધ્યાનમાં રાખીને ઉક્ત સમય મર્યાદા બાદ મળેલ અપીલ સક્ષમ અધિકારીએ સ્વવિવેકાનુસાર ગુણદોષને ધ્યાને લઈ વિચારણામાં લેવી જોઈએ." તેવી જોગવાઈ આમેજ કરવા વિભાગ પાસેથી મંતવ્ય માંગેલ. વિભાગે આપેલ માહિતી મુજબ નિયમોના નિયમ ૧૦(૧)ની જોગવાઈ નિયમાનુસારની છે ૩૦ દિવસની મર્યાદા બાદ મળેલી અપીલ સબંધે સિવિલ પ્રોસીઝર કોડની જોગવાઈ મુજબ અપીલનો સમય નારાજ થયેલ વ્યક્તિને ખરેખર જાણ થાય તે તારીખથી ૩૦ દિવસની મર્યાદામાં એવો થાય છે. જે ગુજરાત લોકલ ઓથોરીટી હેઠળના કાયદા અને નિયમોમાં વિલંબ માફ કરવાની કાર્યવાહી સિવિલ પ્રોસીઝર કોડ પ્રમાણે થતી હોવાથી તેનો નિયમોમાં ઉલ્લેખ કરવાનો રહેતો નથી. સમિતિ વિભાગની સ્પષ્ટતાથી સંતોષ વ્યક્ત કરે છે અને તેથી વધુ કોઈ ભલામણની જરૂર જણાતી નથી.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

| ક્રમાંક | સરકારી અધિસૂચના ક્રમાંક | અધિસૂચનાની તારીખ |
|---|---|---|
| (૧) | જીએચ/વી/૨૦૧૬ના ૧૯૬/એમઆઈએસ/૧૦૨૦૧૬– ૩૨૮૧૪૫–લ | ૨૯–૧૦–૨૦૧૬ |
| (૨) | જીએચ/વી/૨૦૧૬ના ૧૯૭/એમઆઈએસ/ ૧૦૨૦૧૬– ૩૨૮૧૪૫–લ | ૨૯–૧૦–૨૦૧૬ |
| (૩) | કેવી–૨૦૧૫નો ૨૪૭–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ | ૧૪–૦૮–૨૦૧૫ |
| (૪) | કેવી–૨૦૧૫નો ૨૪૯–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ | ૨૦–૦૮–૨૦૧૫ |
| (૫) | કેવી–૨૦૧૫નો ૨૮૪–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ | ૦૭–૧૧–૨૦૧૫ |
| (૬) | કેવી–૨૦૧૫નો ૨૮૫–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ | ૦૭–૧૧–૨૦૧૫ |
| (૭) | કેવી–૨૦૧૫નો ૨૮૬–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ | ૦૭–૧૧–૨૦૧૫ |
| (૮) | કેવી–૨૦૧૫નો ૨૮૭–એનપીએલ–૪૫૧૩–૧૦૩–એમ | ૦૭–૧૧–૨૦૧૫ |
| (૯) | કેવી–૨૦૧૫નો ૨૮૩–એનપીએલ–૪૫૧૦–૫૮૧૮–એમ | ૦૫–૧૧–૨૦૧૫ |

**૩૫. ક્રમાંક: ૧** પરની અધિસૂચના દ્વારા સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૮૪થી મળેલ સત્તાની રૂએ રીયલ એસ્ટેટ ક્ષેત્રને નિયમિત અને વિકાસ કરવા માટે ગુજરાત સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળને લગતી બાબતો) નિયમો, ૨૦૧૬ બનાવેલ હતા.

**૩૬.** ઉક્ત અધિસૂચનાઓની રૂબરૂ તપાસ દરમિયાન સમિતિએ સદરહું કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર પ્રોજેક્ટની મંજૂરી મેળવવા માટે સિંગલ વિન્ડો સિસ્ટમ છે કે અલગ–અલગ મંજૂરી મેળવવાની રહે છે કે કેમ, તેમજ આ સંદર્ભમાં બાંધકામ માટે એન.ઓ.સી આપનાર સક્ષમ ઓથોરીટીની માહિતી માંગેલ હતી.

**૩૭.** વિભાગના પ્રતિનિધિઓના જણાવ્યા મુજબ બિલ્ડિંગ પરમિશન માટે કોર્પોરેશનમાં અરજી કરવાની રહે છે એટલે સિંગલ વિન્ડો સિસ્ટમમાં ફક્ત રેરા(RERA)નું રજિસ્ટ્રેશન થાય છે. બાકી જે પરમિશન લેવાની થાય છે તે સંબંધિત સત્તાધિકારી પાસેથી લેવી પડે છે. ઉપરાંત અલગ અલગ કામ માટે અલગ–

અલગ ઓથોરીટી હોય છે જેમાં રેરા(RERA) પાસે જે એપ્લિકેશન આવે છે એની પહેલાં કોર્પોરેશન મંજૂરી આપે છે અને કોર્પોરેશનમાં પણ એક જ જગ્યાએથી બધી મંજૂરીઓ આપવામાં આવતી નથી.

**૩૮. ક્રમાંક: ૨** પરની અધિસૂચનાથી સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) અધિનિયમ, ૨૦૧૬ની કલમ ૮૪થી મળેલ સત્તાની રૂએ રીયલ એસ્ટેટ ક્ષેત્રને નિયમિત અને વિકાસ કરવા માટે સ્થાવર મિલકત (નિયમન અને વિકાસ) (ગુજરાત સ્થાવર મિલકત અપીલ પંચ સંબંધિત બાબતો) નિયમો, ૨૦૧૬ બનાવેલ હતા.

**૩૯. ક્રમાંક: ૩ થી ૮** પરની અધિસૂચના દ્વારા ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૨૭૭(૧)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪માં સુધારાઓ કરેલ હતા.

**૪૦.** ઉક્ત અધિસૂચનાની રૂબરૂ તપાસમાં સમિતિએ માહિતી માંગેલ કે સદરહું નિયમો અંતર્ગત અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગ અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દામાં અનામતની ગણતરી કઈ રીતે કરવામાં આવે છે તથા જ્યારે મ્યુનિસિપાલીટીનું પુનર્ગઠન થાય ત્યારે રોસ્ટર પોઈન્ટ અને મ્યુનિસિપાલીટી ચૂંટણી પછી નવેસરથી નવી મ્યુનિસિપાલીટી અસ્તિત્વમાં આવે ત્યારે રોસ્ટર પોઈન્ટની ગણતરી કઈ રીતે ગણાય છે તેમજ ઉક્ત અધિસૂચનાઓ પ્રસિદ્ધ કરવા બાબતે કાયદામાં પૂર્વ પ્રસિદ્ધિની જોગવાઈ હોવા છતાં પૂર્વ પ્રસિદ્ધિ વિના નિયમો બનાવવા બાબતે સમિતિએ વિભાગની સ્પષ્ટતા માંગી હતી.

**૪૧.** વિભાગના પ્રતિનિધિઓએ આપેલ માહિતી મુજબ નગરપાલિકા અધિનિયમની કલમ ૬(૩)(ક) મુજબ નગરપાલિકા વિસ્તારોમાં કુલ વસ્તીના પ્રમાણમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તીના પ્રમાણમાં ૧ સીટ મળે છે. જે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ફાળે આવતી સીટ હોય એમાં ૫૦ ટકા મહિલા અનામત મળે છે. કુલ વસ્તીના ૧/૧૦ જે સંખ્યા છે તે પછાતવર્ગની વસ્તી માટે એક સીટ અનામત રહે છે. જ્યારે નગરપાલિકાનું પુનર્ગઠન કે વિસર્જન થાય ત્યારે રોસ્ટર પોઈન્ટ જ્યાં અટક્યા હોય એના પછીના રોસ્ટર પોઈન્ટથી એની શરૂઆત થાય છે અને કુલ ૧૦ રોસ્ટર પોઈન્ટ નક્કી કરવામાં આવ્યા છે. એક રોસ્ટર પોઈન્ટ અઢી વર્ષનો એમ ૨૫ વર્ષ પ્રમાણે રોસ્ટર પોઈન્ટની ગણતરી કરવામાં આવે છે. વધુમાં વિભાગે આપેલ પૂર્વ પ્રસિદ્ધિની જોગવાઈ અંગે આપેલ સ્પષ્ટતા મુજબ વર્ષ ૨૦૧૫ના જાહેરનામામાં ૨૭૭(૩) કલમની જોગવાઈ અનુસાર સરકારને ખાતરી થાય કે એવા સંજોગો પ્રવર્તે છે કે પૂર્વ પ્રસિદ્ધિ વિના નિયમો બનાવવા જરૂરી હોય ત્યારે પૂર્વ પ્રસિદ્ધિ વિના નિયમો પ્રસિદ્ધ કરવામાં આવે છે.

**૪૨. ક્રમાંક: ૯** પરની અધિસૂચનાથી રાજ્યની નગરપાલિકાઓની ચૂંટણીમાં હરીફ ઉમેદવારોને પ્રતીક ફાળવવા માટે તેમજ ચૂંટણીમાં NOTAની અમલવારી કરવા માટે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમ ૬(૫) અને કલમ ૨૭૭(૧)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબત નિયમો ૧૯૯૪માં સુધારાઓ કરેલ હતા.

**૪૩.** ઉક્ત અધિસૂચનાની રૂબરૂ તપાસમાં સમિતિએ ઉક્ત નિયમોના નિયમ–૧૫માં જે જોગવાઈ છે તેમાં અગાઉ આજ નિયમ હેઠળ હરીફ ઉમેદવારોને પ્રતીકો ફાળવવા શું જોગવાઈ હતી અને આ જોગવાઈમાં સુધારો કરવાનો ઉદ્દેશ સમજાવવા જણાવેલ તથા ગુજરાત નગરપાલિકા ચૂંટણી કરવા બાબતના નિયમો, ૧૯૯૪માં ઉક્ત અધિસૂચનાથી નિયમ ૫૨(ક)માં પેટા નિયમ (૬ક) ઉમેરેલ જે NOTAના સંદર્ભમાં છે. તે અન્વયે NOTAની જોગવાઈઓ અને NOTAની તરફેણમાં પડેલા મતો કઈ રીતે પરીણામમાં દર્શાવવામાં આવે છે તે માહિતી પૂરી પાડવા જણાવેલ.

**૪૪.** વિભાગના પ્રતિનિધિઓ દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ ઉક્ત અધિસૂચના પ્રસિદ્ધ કરી ચૂંટણી પ્રતીકોની ફાળવણી, મતપત્રક ફોર્મમાં NOTAનો ઉમેરો. મતદાર NOTAને વોટ આપી શકે તે અંગેની જોગવાઈ, ઈ.વી.એમ.ના બેલેટ યુનિટમાં NOTAની જોગવાઈ, મતપત્રકમાં NOTAની જોગવાઈ કરવી તથા NOTAના મળેલ મતોની ગણતરી તમામ મુદાઓને આવરી લેવામાં આવ્યા છે તથા વિભાગે પત્ર દ્વારા હરીફ ઉમેદવારોને પ્રતીકો ફાળવવાની બાબતમાં ઉક્ત સુધારાથી થયેલ ફેરફારને તુલનાત્મક રીતે દર્શાવી વિસ્તૃત માહિતી આપેલ હતી.

**સરકારી અધિસૂચના ક્રમાંક:**

**કેવી/૨૦૧૫નો ૩૮/એમઆઈએસસી/૧૦૨૦૧૪/૫૬૪૦/પી, તા. ૧૫–૦૧–૨૦૧૫**

**૪૫.** ધી ગુજરાત પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન્સ એક્ટ– ૧૯૪૯ અન્વયે ધી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો – ૧૯૯૪માં સુધારો કરેલ છે.

**૪૬.** ઉક્ત અધિસૂચનાની તપાસ બાદ જાહેરનામાનો મુસદ્દો અને તે સંબંધમાં મળેલ વાંધા અને સૂચનોની માહિતી સમિતિના અભ્યાસ અર્થે સમિતિએ માંગેલ હતી. વિભાગે ઉક્ત અધિસૂચનાના ડ્રાફ્ટ નોટીફિકેશન અને તે અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ તરફથી મળેલા સૂચનો અને આ સૂચનોને સમાવિષ્ટ કરીને જાહેરનામાને આખરી કરવા બાબતોની વિગતો સમિતિને પૂરી પાડેલ હતી. સમિતિએ આ વિગતોની ચકાસણી બાદ તેને માન્ય રાખેલ હતી.

**સરકારી અધિસૂચના ક્રમાંક:**

**કેવી/૨૦૧૩નો ૧૦૬/ઈએલઈ/૧૦૨૦૧૧/૧૧૩૮/પી, તા. ૨૧–૦૬–૨૦૧૩**

**૪૭.** સન ૧૯૪૯ની ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમની કલમ ૧૪(૨)થી મળેલ સત્તાની રૂએ ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો ૧૯૯૪માં સુધારો કરવા ઉક્ત અધિસૂચના બહાર પાડેલ હતી.

**૪૮.** ઉક્ત અધિસૂચનાની રૂબરૂ તપાસમાં સમિતિએ ઉક્ત નિયમોના નિયમ ૧૭(૩) ડીપોઝીટ જપ્ત કરવા બાબતમાં **"છઠ્ઠા ભાગ"** એ શબ્દને બદલે **"ચોથા ભાગ"** તે શબ્દ મૂકવાના કરેલ સુધારા અંગે સમિતિએ વિભાગ પાસેથી વિગતવાર ઉંડાણથી સ્પષ્ટતા માંગેલ હતી. વિભાગના પ્રતિનિધિઓ દ્વારા સમિતિની બેઠક સમયે રૂબરૂમાં તેમજ તા.૨૦–૧૧–૨૦૧૮ના પત્ર દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ ઉમેદવાર ચૂંટાયેલ ન હોય અને તેને મળેલ માન્ય મતોની સંખ્યા, થયેલ મતદાનના માન્ય મતોની કુલ સંખ્યાને વોર્ડમાં ચૂંટવાના કાઉન્સીલરોની સંખ્યા વડે ભાગતાં જે આવે તેના છઠ્ઠા ભાગ કરતાં વધુ

ન હોય તો તે માટેની ગણતરી ઉદાહરણ સહિત સમજાવી નિયમ ૧૭(૩)માં કરેલ **"છઠ્ઠા ભાગ"** શબ્દને બદલે **"ચોથો ભાગ"** સુધારા મુજબ જે સંખ્યા આવે તે સંખ્યાથી ઓછા મત મેળવનાર ઉમેદવારની ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે જેથી "ગંભીર ઉમેદવાર" સિવાયના ઉમેદવારો પર નિયંત્રણ લાવી શકાય અને ચૂંટણી પ્રક્રિયા સરળ, ન્યાયી અને પારદર્શક બની શકે. સમિતિ વિભાગની સ્પષ્ટતાથી સંતોષ વ્યક્ત કરે છે અને આથી આ બાબતમાં કોઈ ભલામણની જરૂર જણાતી નથી.

## શિક્ષણ વિભાગ

| ક્રમાંક | સરકારી અધિસૂચના ક્રમાંક | અધિસૂચનાની તારીખ |
|---|---|---|
| (૧) | જીએચ/એસએચ/૧૫/બીએમએસ/૧૧૧૭/૮૩/છ | ૨૦-૦૪-૨૦૧૭ |
| (૨) | જીએચ/એસએચ/૧૬/બીએમએસ/૧૧૧૭/૮૩/છ | ૨૫-૦૪-૨૦૧૭ |
| (૩) | જીએચ/એસએચ/૧૭/બીએમએસ/૧૧૧૭/૮૩/છ | ૨૫-૦૪-૨૦૧૭ |

